RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 161 * Date: 04.4.2026,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# સમુદ્રમાં વધ્યો ભારતનો દબદબો! દુશ્મનો પર ત્રાટકશે સુપરસોનિક મિસાઈલ તારાગિરી



ભારત પોતાની દરિયાઈ તાકાતને સતત મજબૂત કરવામાં વ્યસ્ત છે અને આ જ કડીમાં આજે દેશને વધુ એક મોટી સફળતા મળી છે. સ્વદેશી રીતે નિર્મિત એડવાન્સ્ડ સ્ટીલ્થ ફ્રિગેટ઼્ઙજી તારાગિરી (ક્ષ૪૧) આજે ભારતીય નૌસેનામાં સામેલ થયું છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આ શુભારંભ કાર્યક્રમમાં વિશાખાપટ્ટનમ ખાતે હાજર રહ્યા હતા.INS તારાગિરી' એક સ્વદેશી યુદ્ધ જહાજ છે, જેને પ્રોજેક્ટ ૧૭૭ હેઠળ બનાવવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટનું આ ચોથું ફ્રિગેટ છે અને મઝગાંવ ડોક શિપબિલ્ડિંગ લિમિટેડ દ્વારા તૈયાર કરવામાં આવેલું ત્રીજું જહાજ છે. આ યુદ્ધ જહાજ ૨૮ નવેમ્બરના રોજ સત્તાવાર રીતે નૌકાદળને સોંપવામાં આવ્યું હતું. તેમાં ૭૫% થી વધુ સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે 'આત્મનિર્ભર ભારત'ની દિશામાં એક મોટું પગલું છે.INS તારાગિરીને અત્યાધુનિક ટેકનોલોજી અને ઘાતક હથિયારોથી સજ્જ કરવામાં આવ્યું છે. તેમાં બ્રહ્મોસ સુપરસોનિક મિસાઈલ, સ્ક્ષ-જીછઇ રડાર અને સ્ઇજીછસ્ એર ડિફેન્સ સિસ્ટમ લગાવવામાં આવી છે. આ ઉપરાંત, તેમાં ૩૦દ્બદ્બ અને ૧૨.૭દ્બદ્બ ક્લોઝ-ઈન વેપન સિસ્ટમ પણ હાજર છે. સબમરીન વિરોધી (છજીઉ) ઓપરેશન માટે તેમાં રોકેટ અને ટોર્પિડો પણ લગાવવામાં આવ્યા છે, જેનાથી તેની મારક ક્ષમતામાં અનેકગણો વધારો થાય છે.આ યુદ્ધ જહાજ દરિયામાં ઉતરવાથી ભારતની નૌકાદળની તાકાત વધુ મજબૂત થઈ છે. તેની સ્ટીલ્થ ટેકનોલોજી તેને દુશ્મનોની નજરથી છુપાઈને હુમલો કરવામાં સક્ષમ બનાવે છે. આ યુદ્ધ જહાજ ભારતની 'આત્મનિર્ભર ભારત' નીતિનું મજબૂત ઉદાહરણ છે અને વૈશ્વિક સ્તરે ભારતની શક્તિનું પ્રદર્શન કરે છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, 'તારાગિરી' આપણા રાષ્ટ્રીય ગૌરવ અને સામૂહિક પ્રતિબદ્ધતાનું પ્રતિક છે, જ્યારે આ જહાજ દરિયાની લહેરોને ચીરતું આગળ વધશે ત્યારે તે સમગ્ર દુનિયાને એ સંદેશો આપશે કે ભારતની તાકાત ભારતના લોકોમાં છે, તેમની મહેનતમાં છે, તેમની ક્ષમતા તેમજ અતૂટ સંકલ્પમાં છે.'

રક્ષા મંત્રાલયના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં દેશની કુલ સંરક્ષણ નિકાસ વધીને ૩૮,૪૨૪ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે, જે પાછલા નાણાકીય વર્ષની સરખામણીમાં ૬૨.૬૬ ટકાનો મજબૂત વધારો દર્શાવે છે. હથિયારો, ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમ્સ, દારૂગોળો, જહાજ નિર્માણ અને અન્ય સૈન્ય ઉપકરણો પર મોટો ખર્ચ કરવામાં આવ્યો છે. સેના, વાયુસેના અને નૌકાદળ માટે અનેક મોટા પ્રોજેક્ટ્સ પર કામ થયું છે.

## ૩૭૦૦ કરોડનો બ્રિજ નષ્ટ કરી ટ્રમ્પે ઈરાનને ધમકાવ્યું, 'હજુ ટાઈમ છે, સમજૂતી કરી લો નહીંતર..'

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો સંઘર્ષ હવે અત્યંત વિનાશક વળાંક પર પહોંચ્યો છે. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, અમેરિકા દ્વારા કરવામાં આવેલા ભીષણ હવાઈ હુમલામાં ઈરાનની રાજધાની તેહરાનને પશ્ચિમ શહેર કરજ સાથે જોડતા મહત્વપૂર્ણ હાઈવે બ્રિજને નિશાન બનાવવામાં આવ્યો છે. આ હુમલામાં બે લોકોના મોત થયા છે અને આસપાસના વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ જતાં સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે.આ હુમલામાં જે 'મ્૧ બ્રિજ' ને નુકસાન થયું છે, તે લગભગ બનીને તૈયાર થઈ ગયો હતો. આશરે ૪૦૦ મિલિયન અમેરિકન ડોલર (૩૭,૦૦



કરોડ રૂપિયાથી વધુ) ના ખર્ચે બનેલો આ પુલ ૧૦૫૦ મીટર લાંબો હતો અને તેની ગણના મધ્ય પૂર્વના સૌથી મોટા પુલોમાં થતી હતી. ઈરાનના સરકારી મીડિયા અને પ્રેસ ટીવીએ પણ પુષ્ટિ કરી છે કે આ હુમલાને કારણે વિસ્તારમાં મોટું વીજ સંકટ ઊભું થયું છે.હુમલા બાદ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આ હુમલાનો વીડિયો શેર કરીને ઈરાન પર દબાણ વધાર્યું છે. ટ્રમ્પે આક્રમક લહેજામાં કહ્યું કે, ×હજુ પણ સમય છે, સમજૂતી કરી લો, નહીં તો બહુ મોડું થઈ જશે. જો ઈરાન પોતાનું વલણ નહીં બદલે તો તેની પાસે કંઈ જ બાકી નહીં રહે, જ્યારે તે હજુ પણ એક મહાન દેશ બની શકે છે.× ટ્રમ્પનું આ નિવેદન સીધું સૂચવે છે કે જો ઈરાન નમતું નહીં જોખે તો આગામી દિવસોમાં હુમલાઓ વધુ તેજ થઈ શકે છે.નોંધનીય છે કે ઓક્ટોબર ૨૦૨૩ માં ઈઝરાયલ-હમાસ યુદ્ધની શરૂઆત થઈ હતી, જે હવે સમગ્ર ક્ષેત્રમાં ફેલાઈ ગઈ છે. ઈરાન પર હમાસ, હિઝબુલ્લાહ અને હુથી વિદ્રોહીઓને સમર્થન આપવાનો આરોપ છે, જેના કારણે તે સતત અમેરિકા અને ઈઝરાયલના નિશાના પર છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે સીધા મિસાઈલ અને ડ્રોન હુમલા પણ થયા છે, જેણે વિશ્વભરમાં અનિશ્ચિતતા અને ચિંતાનો માહોલ પેદા કર્યો છે.

## ધાર્મિક સલાહકારે ટ્રમ્પની સરખામણી ઈશુ ખ્રિસ્ત સાથે કરતાં વિવાદ

અમેરિકના વ્હાઈટ હાઉસમાં પ્રમુખના ધાર્મિક સલાહકાર પૌલા વ્હાઈટે ટ્રમ્પની તુલના ઈશુખ્રિસ્ત સાથે કરતાં પશ્ચિમી જગતમાં મોટો હોબાળો મચી ગયો છે. સામાન્યથી લઈ ધાર્મિક અને રાજકીય વર્તુળો બધાએ તેની આકરી ટીકા કરી છે. તેણે જણાવ્યું હતું કે ઈશુખ્રિસ્ત અને ટ્રમ્પ બંનેની સ્થિતિ સરખી છે. બંનેને દગો મળ્યો હતો, તેમના પર ખોટા આરોપ લાગ્યા હતા અને ખોટી રીતે ધરપકડ કરવામાં આવી હતી.જ્યારે વાસ્તવમાં તેઓ આપણા બચાવકર્તા હતા. આપણને બચાવવા આવતા આપણા ભગવાન અને હાલમાં પણ આપણના બચાવનારા ટ્રમ્પની સાથે જે



થઈ રહ્યુ છે તે બંનેમાં એકસરખી કાર્યપદ્ધતિ જોવા મળી રહી છે. ઈશુ ખ્રિસ્તે તેમના જન્મ, મૃત્યુ, અંતિમ સંસ્કાર તથા પુર્નજન્મ સાથે કેટલીય વસ્તુઓ શીખવી છે. તેમણે બલિદાન આપીને નેતૃત્વ કોને કહેવાય તે બતાવ્યું હતું. ટ્રમ્પ પણ બિલકુલ આ જ માર્ગે છે. તેઓએ તેમની કિંમત તેમના જીવનથી ચૂકવવાની ફરજ પડી રહી છે. તેઓ તેમના પર થયેલા હુમલામાં માંડ-માંડ બચ્યા હતા. તેઓ જે રીતે બચ્યા છે તે જોતાં આ તેમનો પુર્નજન્મ જ કહી શકાય. ટ્રમ્પ વિજયી બન્યા છે તેના કારણે તમે વિજયી બન્યા છો. સોશિયલ મીડિયા પર એક જણે લખ્યું હતું કે પોલા વ્હાઈટે તો જાણે ચાપલૂસીની દરેક હદ વટાવી દીધી છે. સ્ટેરોઈડને પણ શરમાવે તેવી ચાપલૂસી તે કરી રહી છે. ઈસ્ટર આધ્યાત્મિક નવરચનાનો તહેવાર છે, રાજકીય બ્રાન્ડિંગ કરવાનો તહેવાર નથી. આ ઉપરાંત કેટલાય પાદરીઓ, કેટલાય રાજકીય વ્યૂહરચનાકારો અને અન્ય નિષ્ણાતોએ પણ આકરી ટીકા કરી હતી. એક કેથલિક શ્રદ્ધાળુએ ત્યાં સુધી જણાવ્યું હતું કે એક બિશપની હાજરીમાં અમેરિકન પ્રમુખને આ રીતે બીરદાવવામાં આવે છે. તેની સાથે આ રીતે ઈતિહાસ સાથે ચેડા કરવાના પ્રયતોને સફળ નહીં થાય તેમ જણાવ્યું હતું.

## છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રીનો દીકરો ૨૩ વર્ષે હત્યાના કેસમાં દોષિત, હવે સરેન્ડર કરવા આદેશ

છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી અજિત જોગીના દીકરા અમિત જોગીને હાઈકોર્ટે ૨૩ વર્ષ જૂના હત્યાના કેસમાં દોષિત ઠેરવ્યો છે. અમિતને દોષિત ઠેરવતા હાઈકોર્ટે તેને સરેન્ડર કરવા માટે ૩ અઠવાડિયાનો સમય આપ્યો છે. અમિત જોગી પર ૨૦૦૩માં રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના નેતા રામ અવતાર જગ્ગીની હત્યા કરવાનો આરોપ લાગ્યો હતો. અમિત જોગીએ આ ચુકાદા પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે મારી સાથે અન્યાય થયો છે અને હું હવે સુપ્રીમ કોર્ટમાં જઈશ. આ મામલે છત્તીસગઢની એક ટ્રાયલ કોર્ટે અમિત જોગીને નિર્દોષ જાહેર કર્યો હતો. હાઈકોર્ટે ઝ્રમ્ૈંની અપીલ પર સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ ૨૦૦૩ના હત્યા કેસમાં



કાર્યવાહી ફરીથી શરૂ કરી હતી. આ મામલે સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે નવેમ્બરમાં કહ્યું હતું કે ઝ્રમ્ૈંએ ઘણા વિલંબ પછી આ અરજી દાખલ કરી છે, પરંતુ એ પણ સત્ય છે કે પ્રતિવાદી અમિત જોગી સામેના આરોપો ખૂબ ગંભીર છે. તેમના પર એક વિરોધી પાર્ટીના સભ્યની હત્યાનો આરોપ છે. ત્યારબાદ હાઈકોર્ટમાં ચાલેલી કાર્યવાહીમાં અમિત જોગીને દોષિત ઠેરવવામાં આવ્યો છે.ગુરુવારે છત્તીસગઢ હાઈકોર્ટમાં આ કેસની સુનાવણી થઈ હતી. ચીફ જસ્ટિસ રમેશ સિન્હા અને જસ્ટિસ અરવિંદ કુમાર વર્માની બેન્ચે અમિત જોગીના નિર્દોષ છૂટવાના નિર્ણયને રદ કરતા દોષિત ઠેરવતા ત્રણ અઠવાડિયામાં સરેન્ડર કરવાનો આદેશ આપ્યો છે.છત્તીસગઢ હાઈકોર્ટના આદેશ પર પ્રતિક્રિયા આપતા અમિત જોગીએ કહ્યું કે, મારી સાથે અન્યાય થયો છે. પહેલા મને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો અને હવે મારો પક્ષ સાંભળ્યા વિના જ મને દોષિત જાહેર કરી દેવામાં આવ્યો છે. સત્યની જીત થશે અને હવે હું આ મામલે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવીશ. અમિત જોગીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લખ્યું કે, 'આજે, માનનીય હાઈકોર્ટે મારી વિરુદ્ધ ઝ્રમ્ૈંની અપીલને માત્ર ૪૦ મિનિટમાં સ્વીકારી લીધી, સુનાવણી તક આપ્યા વિના. મને દુઃખ છે

## સતત બીજા દિવસે દેવભૂમિ દ્વારકામાં કમોસમી વરસાદ ખાબક્યો, ૯ જિલ્લામાં એલર્ટ જાહેર

ગુજરાતમાં ઉનાળાની શરૂઆતે જ હવામાનમાં મોટો પલટો જોવા મળ્યો છે. રાજ્યના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ (માવઠું) શરૂ થતાં વાતાવરણમાં ઠંડક તો પ્રસરી છે, પરંતુ ખેડૂતોના જીવ અદ્ધર થઈ ગયા છે. ખાસ કરીને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શુક્રવારે (ત્રીજી એપ્રિલ) વહેલી સવારથી ગાજવીજ સાથે ધોધમાર કમોસમી વરસાદ નોંધાયો છે.મળતી માહિતી અનુસાર, ગુરુવારે (બીજી એપ્રિલ) દેવભૂમિ દ્વારકા સહિત કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યા બાદ આજે શુક્રવાર (ત્રીજી એપ્રિલ) વહેલી સવારથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કમોસમી વરસાદ નોંધાયો છે. કલ્યાણપુરમાં સૌથી વધુ દોઢ ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ખંભાળિયામાં પંથકમાં વ્યાપક પોણો



ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ભાટિયા અને ભાણવડમાં વરસાદી ઝાપટાં સાથે અડધો ઈંચ વરસાદ પડ્યો હતો, જેના કારણે અનેક માર્ગો પર પાણી ફરી વળ્યા હતા.

હવામાન વિભાગની આગાહી અનુસાર, બે સક્રિય સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમને કારણે રાજ્યના વાતાવરણમાં આ ફેરફાર આવ્યો છે. ત્યારે આજે બનાસકાંઠા, સાબરકાંઠા, કચ્છ, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર મુખ્ય છે. આ વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જૂનાગઢ, ગીર-સોમનાથ, અમરેલી, ભાવનગર અને દીવમાં પણ ભારે વરસાદ અને તીવ્ર પવન સાથે ગાજવીજની શક્યતા છે.આગાહી મુજબ, વરસાદ દરમિયાન પવનની ઝડપ ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. આગામી બે દિવસમાં રાજયના મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે, જેનાથી ગરમીમાં આંશિક રાહત મળશે.માવઠાના કારણે રવિ પાક અને કેરીના પાકને મોટા પાયે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ખેતરોમાં તૈયાર થયેલા પાક પર વરસાદ પડતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

## તંત્રી લેખ....

# ઈરાન યુદ્ધને પરિણામે માર્ચમાં દેશની ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિઓને ફટકો

ફેબ્રુઆરીની અંતિમ તારીખથી શરૂ થયેલા ઈરાન યુદ્ધની ભારતની માર્ચ મહિનાની ઉત્પાદન પ્રવૃત્તિ પર ગંભીર અસર પડી હોવાનું પ્રાપ્ત અહેવાલમાં જણાવાયું છે.એસએન્ડપી ગ્લોબલ દ્વારા જારી કરાયેલ એચએસબીસી ઈન્ડિયા ઉત્પાદન ક્ષેત્રનો માર્ચનો પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેક્સ (પીએમઆઈ) ઘટી ૫૩.૯૦ સાથે ૪૫ મહિનાની નીચી સપાટીએ રહ્યો છે. ફેબ્રુઆરીમાં આ આંક ૫૬.૯૦ રહ્યો હતો.સપ્ટેમ્બર, ૨૦૨૧માં ૫૩.૭૦ રહ્યા બાદ વર્તમાન વર્ષના માર્ચનો ઉત્પાદન ક્ષેત્રનો પીએમઆઈ ત્યારસુધીનો નીચો રહ્યો છે.૨૦૨૬ના પ્રારંભિક બે મહિનામાં સતત વધીને આવ્યા બાદ પીએમઆઈમાં સ્થિતિ રિવર્સ થઈ છે જે માટે ઈરાન યુદ્ધ કારણભૂત હોવાનું જણાવાઈ રહ્યું છે. ૨૦૨૪ તથા ૨૦૨૫ના વર્ષમાં પીએમઆઈ મોટેભાગે ૫૫થી ૫૯ની રેન્જમાં રહ્યો હતો. ઓગસ્ટ ૨૦૨૫માં તો ૫૯.૩૦ સુધી જોવા મળ્યો હતો.

ઈરાન યુદ્ધને કારણે હોર્મુઝ ખાડી બંધ પડી જતા દેશમાં ક્રુડ ઓઈલનો ફલો અવરોધાયો છે જેની સીધી અસર માલસામાનના ઉત્પાદન પર પડી છે. માર્ચમાં ઉત્પાદન તથા નવા ઓર્ડરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જે માગ મંદ હોવા ઉપરાંત વ્યાપક અનિશ્ચિતતા પ્રવર્તી રહી હોવાના સંકેત આપે છે.યુદ્ધને કારણે એલ્યુમિનિયમ, કેમિકલ્સ સહિત અનેક પ્રોડકટસ માટેના કાચા માલના ખર્ચમાં વધારો થયો છે. કંપનીઓ હાલમાં તો આ ખર્ચને ગ્રહણ કરી રહી છે અને પ્રોડકટસની કિંમત વધારવાનું ટાળી રહી છે. પડકારરૂપ બજાર સ્થિતિ, ઊંચા ખર્ચ તથા યુદ્ધને કારણે ઊભી થયેલી ખલેલો ઉત્પાદનમાં ઘટાડા માટે કારણભૂત છે. કાચા માલના ભાવ ૨૦૨૨ના ઓગસ્ટ બાદ સૌથી ઝડપી વધ્યા છે.ઘરઆંગણે ઓર્ડરો ભલી ધીમા રહ્યા હોય પરંતુ નિકાસ મોરચે કંપનીઓની કામગીરી મજબૂત રહી છે અને નિકાસ વેચાણ ગયા વર્ષના સપ્ટેમ્બર સૌથી ઊંચુ રહ્યું હોવાનો રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે. ખાસ કરીને ઓસ્ટ્રેલિયા, કેનેડા, બ્રાઝિલ, જાપાન, ચીન ખાતેથી ઓર્ડરોમાં વધારો થયો છે.

# ઈરાક ઉપર ઈરાની શાહેદ ડ્રોનનો પીછો કરતું યુએસ એફ-૧૫ ફાઈટર જેટ જોવા મળ્યું

બગદાદ,

ઈરાકી હવાઈ ક્ષેત્રમાં શંકાસ્પદ ઈરાની શાહેદ-૧૩૬ ડ્રોનનો પીછો કરતા યુએસ એફ-૧૫ ઈગલનો કથિત વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ ફૂટેજ એવા દાવા સાથે શેર કરવામાં આવી રહ્યો છે કે ફાઈટર જેટ ડ્રોનને અટકાવવામાં નિષ્ફળ ગયું. ઈરાન સમર્થિત એકાઉન્ટ્સ દ્વારા વ્યાપકપણે શેર કરવામાં આવેલ આ ફૂટેજમાં હાઈ-સ્પીડ હવાઈ પીછો દર્શાવવામાં આવ્યો છે, જેમાં ફાઈટર જેટ અનેક ડ્રોનનો પીછો કરી રહ્યું છે. થોડીવાર પછી, જમીન પર એક મોટો વિસ્ફોટ જોવા મળે છે, ત્યારબાદ ધુમાડાના ગોટા દેખાય છે. વીડિયો સાથેના દાવાઓ સૂચવે છે કે અદ્યતન યુએસ વિમાનની હાજરી હોવા છતાં ઓછામાં ઓછા બે ડ્રોન અવરોધથી બચી ગયા હતા.

સોશિયલ મીડિયા યુઝર્સે દાવો કર્યો છે કે વીડિયોમાં દેખાતું વિમાન એક એફ-૧૫ ઈગલ છે, જે કથિત રીતે ઈરાની બનાવટના શાહેદ-૧૩૬ ડ્રોનને અટકાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. ઠ પરની પોસ્ટ્સ સૂચવે છે કે ૧૦ લાખ ડોલરનું અમેરિકન જેટ ઓછામાં ઓછા બે ×સસ્તા× ૨૦,૦૦૦ ડોલરના ઈરાની શાહેદ-૧૩૬ ડ્રોનને ×રોકવામાં નિષ્ફળ× ગયું.

આ વીડિયો ઈરાકના એર્બિલમાં બ્રિટિશ-સંકળાયેલ તેલ સુવિધા પર ઈરાની હુમલા સાથે જોડાયેલો હોવાનું માનવામાં આવે છે, જેના કારણે ભારે આગ લાગી હતી. જોકે, યુનાઈટેડ સ્ટેટ્સ કે તેના સાથીઓએ આ ફૂટેજની સત્યતા કે ઘટનાની આસપાસના દાવાઓની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

ઈરાનના રાજ્ય પ્રસારણકર્તા, પ્રેસ ટીવીએ પણ શાહેદ ડ્રોન અને યુએસ એફ-૧૫ ફાઈટર જેટ વચ્ચે હવાઈ સંઘર્ષ દર્શાવતો એક વિડિઓ પ્રકાશિત કર્યો છે, જેમાં યુએસ એરફોર્સ એફ-૧૫ ઈરાકી હવાઈ ક્ષેત્રમાં ઈરાની શાહેદ ડ્રોનને તોડી પાડવાના પ્રયાસમાં નિષ્ફળ જતું દેખાય છે. આ ઘટના બાદ, આ વિડિઓ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેના કારણે ઈરાન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે બંને પક્ષોની લશ્કરી ક્ષમતાઓ અંગે નવી ચર્ચા શરૂ થઈ છે.

બુધવારે શરૂઆતમાં, ઈરાકના અર્ધ-સ્વાયત્ત કુર્દિશ પ્રદેશની રાજધાની એર્બિલમાં એક બહુ-ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો. ઈરાકની એક મુખ્ય ઓટોમોટિવ કંપની સરદાર ગ્રુપના એક નિવેદન અનુસાર, બીપી સાથે જોડાયેલ અને તેની પેટાકંપની કેસ્ટ્રોલ હેઠળ સંચાલિત આ સુવિધાને અસર થઈ હોવાના અહેવાલ છે.

હડતાલને કારણે ભારે આગ લાગી હતી, ઓનલાઈન ફરતા વીડિયોમાં આકાશમાં જાડા કાળા ધુમાડાના ગોટેગોટા ઉડતા જોવા મળ્યા હતા. આ ઘટનાએ પ્રદેશમાં મહત્વપૂર્ણ ઉર્જા માળખાની નબળાઈ અંગે ચિંતા વ્યક્ત કરી છે.યુનાઈટેડ કિંગડમમાં ઈરાનના રાજદૂત દ્વારા જારી કરાયેલી ચેતવણીઓ બાદ, વધતા તણાવ વચ્ચે આ ઘટનાક્રમ આવ્યો છે, જેનાથી પ્રાદેશિક અને વૈશ્વિક શક્તિઓ વચ્ચે સંભવિત ઉગ્રતા અંગે અટકળો વધુ વેગ પામી છે.

ઈરાનનું શાહેદ-૧૩૬ ડ્રોન શું છે?

શાહેદ-૧૩૬ એ ઈરાન દ્વારા વિકસાવવામાં આવેલ એક સસ્તું છતાં અસરકારક હુમલો કરનાર ડ્રોન છે, જેની કિંમત આશરે ઈ૨૦,૦૦૦ હોવાનું કહેવાય છે. તેનાથી વિપરીત, યુએસ હ્ન-૧૫ ફાઈટર જેટની કિંમત ઈ૧૦ મિલિયનથી વધુ છે. ઈરાની પક્ષ આ ઘટનાને યુએસ એરફોર્સની મર્યાદિત અસરકારકતાના પુરાવા તરીકે ટાંકી રહ્યો છે. તેમનો દાવો છે કે આધુનિક યુદ્ધમાં, મોંઘા ફાઈટર જેટ ઘણીવાર સસ્તા ડ્રોન સામે સંઘર્ષ કરે છે; જ્યારે શાહેદ જેવા ડ્રોન ઓછી ગતિ ધરાવે છે, તેઓ ઓછી ઊંચાઈએ ઉડાન ભરીને રડાર શોધથી બચી શકે છે અને મોટા પાયે હુમલાઓ માટે તૈનાત કરવામાં આવે છે. આ ઘટના એક તરફ ઈરાન અને બીજી તરફ યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયલ વચ્ચેના તંગ સંઘર્ષ વચ્ચે બની છે. તાજેતરના અઠવાડિયામાં, ઈરાને વારંવાર દાવો કર્યો છે કે તેની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ યુએસ અને ઈઝરાયલી ડ્રોન અને જેટને નિશાન બનાવ્યા છે.

# 'આપણા મિત્રો સુરક્ષિત હાથમાં છે': ગલ્ફમાં વધતા તણાવ વચ્ચે હોર્મુઝ પર ઈરાને ભારતને ખાતરી આપી

તેહરાન,

મધ્ય પૂર્વમાં વધતા પ્રાદેશિક તણાવ વચ્ચે, ભારતમાં ઈરાની દૂતાવાસે ગુરુવારે નવી દિલ્હીને હોર્મુઝ સ્ટ્રેટ અંગે ખાતરી આપી, ભારપૂર્વક જણાવ્યું કે ગભરાટનું કોઈ કારણ નથી, ભલે સંઘર્ષ ચાલુ રહે અને યુદ્ધવિરામ પ્રાપ્ત કરવાના પ્રયાસો નિષ્ફળ જાય.

હોર્મુઝ સ્ટ્રેટ એક સાંકડો, વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ જળમાર્ગ છે જે પર્સિયન ગલ્ફને ઓમાનના અખાત અને અંતે, અરબી સમુદ્ર સાથે જોડે છે. તે દક્ષિણપૂર્વમાં ઓમાન અને ઉત્તરમાં ઈરાન વચ્ચે આવેલો છે. તે એક મુખ્ય માર્ગ છે જે ગલ્ફ રાષ્ટ્રોમાંથી સમગ્ર વિશ્વમાં તેલ અને ગેસ વહન કરતા જહાજોની અવરજવરને સક્ષમ બનાવે છે. જોકે, મધ્ય પૂર્વમાં અશાંતિને કારણે હોર્મુઝમાં વિક્ષેપો જોવા મળી રહ્યા છે.×આપણા ભારતીય મિત્રો સુરક્ષિત હાથમાં છે, ચિંતા કરવાની કોઈ જરૂર નથી,× દૂતાવાસ દ્વારા એક ઠ પોસ્ટમાં લખ્યું છે.

ઉલ્લેખનીય છે કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ મંત્રાલય ભારતીય નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા અને ગલ્ફ સંઘર્ષ વચ્ચે ભારતીય જહાજો માટે સલામત માર્ગ સુનિશ્ચિત કરવા માટે ઈરાની અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહ્યા છે.

પીએમ મોદીએ પ્રદેશમાં ભારતીયોના રક્ષણ માટે પ્રયાસોનું સંકલન કરવા અને પ્રાથમિકતા આપવા માટે મધ્ય પૂર્વના અન્ય નેતાઓ સાથે નિયમિત વાતચીત પણ જાળવી રાખી છે.

ટ્રમ્પે ઈરાનમાં 'કામ પૂરું' કરવાની પ્રતિજ્ઞા લીધી

૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક મુખ્ય રાષ્ટ્રીય ભાષણ આપ્યું, જે ઈરાન સાથે તણાવ વધ્યા પછી તેમની પહેલી જાહેર ટિપ્પણી હતી. વ્હાઈટ હાઉસના ઐતિહાસિક ક્રોસ હોલમાંથી બોલતા, તેમણે કહ્યું કે અમેરિકન દળોએ ઈરાનની સેના પર ×નિર્ણાયક× પ્રહાર કર્યો છે.

ટ્રમ્પે કહ્યું કે ઓપરેશન એપિક ફ્યુરી નામના અભિયાને ઈરાનની મિસાઈલ સિસ્ટમ, ડ્રોન અને શસ્ત્ર સુવિધાઓને ભારે નુકસાન પહોંચાડ્યું છે.

# બનાસકાંઠામાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીની તૈયારીઓ શરૂ:કલેક્ટર મિહિર પટેલની અધ્યક્ષતામાં નોડલ અધિકારીઓની બેઠક યોજાઈ







બનાસકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત બાદ વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ, પારદર્શક અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર મિહિર પટેલની અધ્યક્ષતામાં નોડલ અધિકારીઓની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

બેઠકમાં ચૂંટણી પ્રક્રિયાના તમામ તબક્કાઓ અંગે વિસ્તૃત ચર્ચા અને સમીક્ષા કરાઈ હતી. કલેક્ટર મિહિર પટેલે આચારસંહિતાનું ચુસ્ત પાલન કરવા અને ચૂંટણી સંબંધિત તમામ તૈયારીઓનું અસરકારક સુપરવિઝન કરવા સૂચનાઓ આપી હતી.

સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો પર પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવા તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જરૂરી પગલાં લેવા અંગે માર્ગદર્શન અપાયું હતું. ચૂંટણી ઓબ્ઝર્વર્સ માટે વાહન વ્યવહાર, રહેવા-જમવાની સુવિધા, ટેલિફોન અને ઈન્ટરનેટ કનેક્ટિવિટી જેવી આવશ્યક સુવિધાઓ સુનિશ્ચિત કરવા પણ સૂચનાઓ અપાઈ હતી.મતદારયાદીની ચકાસણી, માર્ક કોપી તૈયાર કરવી, ઈવીએમ મશીનોનું સંચાલન અને જાળવણી પર ભાર મૂકવામાં આવ્યો હતો. મતદાર જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવા અને ઉમેદવારી ફોર્મથી લઈને ચૂંટણી પરિણામ સુધીની તમામ માહિતી ઈ-ડેશબોર્ડમાં સમયસર દાખલ કરવા અંગે પણ સમીક્ષા કરાઈ હતી. ઉમેદવારોના એફિડેવિટ/એકરારનામા ઓનલાઈન અપલોડ કરવાની કામગીરી સુનિશ્ચિત કરવા પણ જણાવાયું હતું.

જિલ્લા કક્ષાએ કંટ્રોલ રૂમની સ્થાપના, પોલિંગ સ્ટાફની વ્યવસ્થા, અધિકારીઓ અને કર્મચારીઓને તાલીમ, વાહન સંપાદન, બેલેટ પેપર સંબંધિત કામગીરી અને મીડિયા મેનેજમેન્ટ અંગે પણ સૂચનાઓ અપાઈ હતી. મતદાન મથકો પર જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા પણ ભાર મુકાયો હતો.ઉમેદવારોના ચૂંટણી ખર્ચ પર દેખરેખ રાખવા અને તેના પરિપત્રોનું ચુસ્ત પાલન થાય તે સુનિશ્ચિત કરવા સૂચના અપાઈ હતી. ઉમેદવારના રજીસ્ટરની ચકાસણી કરી તેનું જિલ્લા કક્ષાએ નિયમિત રિપોર્ટિંગ કરવા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ બેઠકમાં જિલ્લાના તમામ નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના વિભાગની તૈયારીઓ અંગે માહિતી રજૂ કરી હતી.

# પાટણ પાલિકામાં ૬ એપ્રિલથી નવા વેરા સ્વીકારાશે:ઇ-નગર સોફ્ટવેર અપડેશનને કારણે ૫ એપ્રિલ સુધી કામગીરી બંધ

પાટણ નગરપાલિકામાં નવા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે સંયુક્ત વેરા સ્વીકારવાની કામગીરી ૬ એપ્રિલ, ૨૦૨૬થી શરૂ થશે. હાલમાં ઈ-નગર સોફ્ટવેરના અપડેશન અને ઈયર એન્ડિંગની પ્રક્રિયાને કારણે ૫ એપ્રિલ, ૨૦૨૬ સુધી વેરા સ્વીકારવા સહિતની તમામ ઓનલાઈન કામગીરી બંધ રાખવામાં આવી છે.

પાલિકા તંત્ર દ્વારા કરદાતાઓ માટે નવા વર્ષના વેરા ભરવા અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે. રાજ્ય સ્તરે વેરા શાખાના કોમ્પ્યુટરો અને ડેટા જનરેટ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. વેરા સોફ્ટવેરને નવા વર્ષ મુજબ અપડેટ કરવામાં આવી રહ્યું હોવાથી હાલમાં ટેકનિકલ કારણોસર વેરા સ્વીકારવાની કામગીરી સ્થગિત છે.

આ સોફ્ટવેર અપડેટ થયા બાદ ૬ એપ્રિલથી નગરપાલિકામાં રાબેતા મુજબ વેરા ભરી શકાશે. નગરપાલિકા વિસ્તારના તમામ નાગરિકો અને કરદાતાઓને જાણકારી મળી રહે તે હેતુથી પાલિકાની વેરા શાખાની બહાર લેખિત સૂચના પણ પ્રદર્શિત કરવામાં આવી છે. આ સૂચનામાં ૫ એપ્રિલ, ૨૦૨૬ સુધી વેરા સ્વીકારવાની અને ઈ-નગર સોફ્ટવેર સંબંધિત તમામ કામગીરી બંધ રહેશે તેમ જણાવાયું છે.

# અમદાવાદમાં સરખેજ-ધોળકા રોડ પર વૃદ્ધાનો મૃતદેહ મળતા ચકચાર, પોલીસે તપાસ હાથ ધરી



અમદાવાદના સરખેજ-ધોળકા રોડ પર આવેલી એક તલાવડી નજીક આજે (ત્રીજી એપ્રિલ) વહેલી સવારે એક ૮૫ વર્ષીય વૃદ્ધાનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. માનસિક બીમારીથી પીડાતા વૃદ્ધા મોડી રાત્રે કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયા બાદ આ કરુણ ઘટના બની હોવાનું સામે આવ્યું છેમળતી માહિતી અનુસાર, મૃતક વૃદ્ધાની ઓળખ ૮૫ વર્ષીય સમુબેન તરીકે થઈ છે. પ્રાથમિક વિગતો અનુસાર, સમુબેન છેલ્લા કેટલાક સમયથી માનસિક અસ્વસ્થ હતા. આજે વહેલી સવારે ચાર વાગ્યાની આસપાસ તેઓ પરિવારમાં કોઈને પણ જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયા હતા. વહેલી સવારે અંદાજે ૭ વાગ્યાની આસપાસ સરખેજ-ધોળકા રોડ પર તલાવડી અને માર્ગની કિનારે સમુબેનનો મૃતદેહ હોવાની જાણ સ્થાનિકોને થઈ હતી. ઘટનાની જાણ થતા જ પરિવારજનો પણ સ્થળ પર દોડી આવ્યા હતા અને આક્રંદ છવાઈ ગયો હતો.સ્થાનિકો દ્વારા જાણ કરવામાં આવતા સરખેજ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

# ભારતને આંખ બતાવનારા દેશો હવે સંકટમાં ફસાયા, ઈંધણ ખૂટી પડતાં ભારત સામે હાથ ફેલાવ્યા




અત્યારે પશ્ચિમ એશિયામાં ઈઝરાયલ, અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે વૈશ્વિક સ્તરે ઈંધણનું સંકટ ઘેરું બન્યું છે. ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટ બંધ થઈ જવાને કારણે તેલની સપ્લાય ખોરવાઈ છે, જેની સૌથી ગંભીર અસર ભારત વિરોધી વલણ ધરાવતા પાડોશી દેશો માલદીવ્સ અને બાંગ્લાદેશ પર પડી છે. એક સમયે જે દેશો 'ઈન્ડિયા આઉટ'ના નારા લગાવતા હતા અને ચીનની નિકટ જઈને ભારતને આંખો બતાવતા હતા, આજે એ જ દેશો પોતાની જરૂરિયાત પૂરી કરવા માટે ભારત સામે મદદની ગુહાર લગાવી રહ્યા છે.ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે માહિતી આપી છે કે, માલદીવ્સે ભારત પાસે ટૂંકા ગાળા અને લાંબા ગાળા માટે પેટ્રોલિયમ ઉત્પાદનોની માંગ કરી છે. વર્લ્ડ બેન્કના ડેટા મુજબ માલદીવ્સ મોટાભાગનું ઈંધણ ઓમાનથી મેળવે છે, પરંતુ યુદ્ધને કારણે સપ્લાય બંધ થતા તે મુશ્કેલીમાં મુકાયું છે. બીજી તરફ, બાંગ્લાદેશ પણ ઈંધણની અછતનો સામનો કરી રહ્યું છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO . 401**
વિષય . દ્રષ્ટિ
શીર્ષક . મારી માઁ
પ્રકાર . પદ્ય
શબ્દો . ૧૦૭

હજુ હું આવી પણ ના હતી આ દુનિયામાં ,
ત્યાર થી મારી માઁ એ એની આંખ માં મારા સપના જોયા હતા ,

જન્મ હજુ થયો જ હતો મારો પેલા જ એણે મારી નજર ઉતારી હતી ,
આંખ ખુલી ના હતી મારી ત્યારથી એણે મારા ભવિષ્ય ને જોઈ લીધું હતું ,

દુનિયા ની ખરાબ નજર થી મને બચવા માટે ,
એ ઘર ના ઘણાના નજરમાં પોતે ચડી ગઈ હતી ,

જ્યારે હોય હું પીડામાં અને એની નજર થી દૂર ,
છતાંય ખબર નઈ કેવી રીતે પણ એને મહેસૂસ થઈ જતું ,

લખું એટલું ઓછું પડે માઁ વિશે કારણકે ,
જ્યારે દુઃખ હોય મને ત્યારે એ ભગવાન સાથે પણ લડી જતી.

દેવ્યાનીબા પ્રિયજિતસિંહ ગોહિલ " દેવપ્રિયા " વરતેજ
★★★★★★
**NOG SS No. 0185.**
વિષયઃ- "દ્રષ્ટિ"
શીર્ષકઃ- દ્રષ્ટિનો ભેદ
પ્રકારઃ- કાવ્ય, શબ્દ સંખ્યાઃ- ૧૩૯★

દ્રષ્ટિ ફેરની સમજથી, કર્મોનાં પંથકે વાદ ને વિવાદ ઠેર ઠેર નિરાળા છે,
કાળા ને ધોળા વહીવટના યુગમાં, હૃદયે ભાવમાં કુત્રિમતા નિરાળી છે,

શુભમ દ્રષ્ટિ વિકસે ભીતરે, ને સૌરભ પ્રગટીને ઊભરે મજા અનેરી છે,
રંગો પ્રસરે જીવન પંથકે તો, સમાજે વાસંતીક લહેરે મજા અનેરી છે,

સંસ્કૃતિની સંગતે શિક્ષણ વિકસેને તો, સુવિચારોનું પ્રયોજન થાય છે,
પાયામાં દ્રષ્ટિ બીજ શુભ રોપાયને તો, દેશે વિજયપતાકા લહેરાય છે,

મલીન દ્રષ્ટિએ કુકર્મ સર્જાય જગે, ને વિશ્વે વિપત્તિના વમળો સર્જાય,
આપદાએ કુટુંબો વેરવિખેર થાય, ને પેઢીમાં ફરીયાદી વમળો સર્જાય,

જ્ઞાનીની સંગતે દ્રષ્ટિ બદલાય, ને આધ્યાત્મિકતા હૈયે ઊભરીને શોભે,
આત્મસંતોષની સરિતા અંતરે વહે, ને નિજાનંદી બનતાં જીવન શોભે,

દ્રષ્ટિના ભેદને પામી અમૃત ને ઝેરને ઓળખીને, સત્યનાં પડખે રહેજે,
માટીમાંથી આવ્યો ને માટીમાં ભળીશ, સ્વાર્થને છોડી સમજીને રહેજે,

દ્રષ્ટિનો વિકાર તને પજવશે, ને આભા તારી ઓજસની વિલીપ્ત થશે,
'ઝરૂખો' લખે દ્રષ્ટિને ઈશ્વર શરણે રાખજો, મલિન ભાવ વિલીપ્ત થશે.

-દિલીપ સી. સોની 'ઝરૂખો' અમદાવાદ.
★★★★★★★
**NOG SS NO -384.** વિષય - દ્રષ્ટિ. શીર્ષક - સકારાત્મક દ્રષ્ટિ.
પ્રકાર - ગદ્ય લેખ. શબ્દ -૧૬૭.
સકારાત્મક વિચારો વાળી દૃષ્ટિ એટલે માત્ર આંખોથી જોવું નહીં, પરંતુ સમજવાની, વિચારવાની અને અનુભૂતિ કરવાની શક્તિ. સાચી દૃષ્ટિ એ છે કે આપણે કોઈના પ્રત્યે દ્વેષભાવ રાખ્યા વગર, સારા વિચારો સાથે દુનિયાને જોઈએ. માણસની દૃષ્ટિ તેની વિચારસરણી અને સ્વભાવને સ્પષ્ટ રીતે દર્શાવે છે.
સકારાત્મક દૃષ્ટિ ધરાવતો માણસ દરેક મુશ્કેલીમાં પણ તક શોધી શકે છે. તે નિષ્ફળતાને પણ શીખવાની તક તરીકે સ્વીકારી આગળ વધે છે. જ્યારે નકારાત્મક દૃષ્ટિ ધરાવતો માણસ સરળ વાતને પણ મુશ્કેલ બનાવી દે છે અને પોતે પણ દુઃખી રહે છે તેમજ બીજાઓનું ભલું પણ ઈચ્છતો નથી.
જીવનમાં સફળતા મેળવવા માટે સ્પષ્ટ અને સકારાત્મક દૃષ્ટિ ખૂબ જરૂરી છે. દૃષ્ટિ એવી હોવી જોઈએ કે જે આપણને આગળ વધવા પ્રેરણા આપે અને આપણા કાર્યોથી બીજા લોકો પણ પ્રેરિત થાય. સારા વિચારો, સારા સંસ્કાર અને સારા કાર્યો દ્વારા દૃષ્ટિ શુદ્ધ અને ઉન્નત બને છે.
આપણી દૃષ્ટિ જેટલી વિશાળ અને ઉદાર હશે, તેટલું જીવન સુંદર, શાંતિપૂર્ણ અને અર્થપૂર્ણ બને છે. સકારાત્મક દૃષ્ટિ ધરાવતો માણસ હંમેશા પરોપકારી, સહાનુભૂતિશીલ અને સમાજ માટે ઉપયોગી બને છે. તેથી હંમેશા સકારાત્મક અને વિશાળ દૃષ્ટિ રાખવી જોઈએ.
-ડૉ સતિષ એસ. પટેલ "પ્રકૃતિ રક્ષક" (અમદાવાદ)
★★★★★★
**NOG SS No. 343**
વિષયઃ- દ્રષ્ટિ
શીર્ષકઃ- દ્રષ્ટિ થકી સૃષ્ટિ
પ્રકારઃ- પધ
શબ્દોઃ- ૬૫

અમીદ્રષ્ટિ મળે તો બને ?સકારાત્મક શ્રેષ્ઠ સૃષ્ટિ,
નકારાત્મકનાં ત્યાગથી અર્થ સભર થાય જ્ઞાનરૂપે તૃષ્ટિ .

તરસ્યું તન પરિશ્રમનાં પ્રસ્વેદબિંદુઓથી બને પરિતૃપ્તિ ,
ભૂખમાં સૂકો રોટલો પણ સંતોષનાં ઓડકારથી સમયે બને તૃપ્તિ,

આભે અનાવૃષ્ટિમાં વરસતાં જળબિંદુઓ બને અમીભરી વૃષ્ટિ.
અતિવૃષ્ટિમાં અનહદ વર્ષા થી લાગે જાણે કુદરતની કૃદ્રષ્ટિ ,

પાંખોથી ઊડતાં આંખોથી લાગે આકાશ માંથી સુંદર દ્રષ્ટિ,
'ચંદ્ર ' સૂર્યનાં સ્વાર્થહીન ઉજ્જવળ દ્રષ્ટિથી બને શ્રેષ્ઠ સૃષ્ટિ.

'ચંદ્ર'કાન્ત હરીલાલ માઢક (રાજકોટ/
★★★★★★★
**NOGG SS no 351**
વિષયઃ દ્રષ્ટિ
શીર્ષકઃ દ્રષ્ટિ
પ્રકારઃ પદ્ય શબ્દઃ ૫૭
આંખોથી જોયું ને છલકતું,
કેવું છે આ અશ્રુબિંદુ.
પાંપણ ના પલકારે રમતું,
અખૂટ પ્રેમ નિસરતું અશ્રુબિંદુ.

હળવે હળવે નીકળતું આ અશ્રુબિંદુ,
ક્ષણો ક્ષણોમાં ઓસરતું આ અશ્રુબિંદુ.

છાનું છપનું આવતું અશ્રુબિંદુ,
દ્રષ્ટિ દ્રષ્ટિ માં ફેર આ અશ્રુબિંદુ.

કેમ રે સમેટવું આ અશ્રુબિંદુ,
શ્વાસે શ્વાસે રમતું આ અશ્રુબિંદુ.

સુખમાં દિલથી છલકતું આ અશ્રુબિંદુ,
દુઃખમાં દિલથી રડતું આ અશ્રુબિંદુ.
જયશ્રી વાઘેલા (મુંબઈ)
★★★★★
**N. O. G. S.S.No.0102.**
વિષયઃ- દ્રષ્ટિ.
પ્રકારઃ- ગદ્ય. શબ્દઃ-૨૩૦.
દ્રષ્ટિ એ ચેહરાનો અરીસો છે. પ્રેમ ,દયા, માયા, મોહ, કરુણા, તિરસ્કાર, ઈર્ષા, અદેખાઈ, અધિકાર હુકમ વગેરે જેવા ભાવો દ્રષ્ટિ દ્વારા દર્શાવી શકાય છે. જરૂરત છે એ દ્રષ્ટિને પારખવાની.
ભગવાન જ્યારે ભ્રૃકુટી હલાવે છે ત્યારે આખી દુનિયામાં ઉથલપાથલ થઈ જાય છે. માનવીની દ્રષ્ટિ એ ઘણું બધું કહી જાય છે. આંખો બોલતી નથી પરંતુ તેના હાવ ભાવ અને તેની ભંગીમાવો દ્વારા ઘણા બધા અર્થ નીકળી શકે છે, અને એ તો જાણકારને જ ખબર પડી શકે.
લોકો સારી દ્રષ્ટિ અને ખરાબ દ્રષ્ટિ નું પણ સૂચન કરે છે. સારી દ્રષ્ટિ જો કોઈની પડે ,જેમકે માતા-પિતા, ગુરુ ,વડીલોની કૃપા થાય તો જીવનમાં બેડો પાર થઈ જાય છે, અને જો કોઈને કુદ્રષ્ટિ પડે તો માણસનું ધનોત પનોત નીકળી જાય છે, અને ઘણી મુશ્કેલીમાં મુકાઈ જાય છે.
?. ઘણા લોકોની દ્રષ્ટિ જ ખરાબ હોય છે જેથી તેને આખી દુનિયા ખરાબ દેખાય છે. તો દ્રષ્ટિ સારી હોય તો દુનિયા સુંદર દેખાય છે. પ્રેમીને ચંદ્ર સુંદર દેખાય છે, જ્યારે વિરહીને તેમાં કરુણાનો ભાવ દેખાય છે. આમ દ્રષ્ટિ દ્રષ્ટિનો ફરક છે. જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ. તમારી જેવી દ્રષ્ટિ હોય તેવું જ તમને દુનિયાનું દર્શન થાય છે. દુઃખી માણસને દુનિયા દુઃખી લાગે છે. સુખી માણસને દુનિયા સ્વર્ગ જેવી લાગે છે ,એટલે આમ દ્રષ્ટિ તમારી કેવી છે તેના ઉપર દુનિયાનો નજારો જોવા મળે છે.
ઘણા લોકો કુદ્રષ્ટિથી જ બીજાને જોતા હોય છે. સ્ત્રીઓને જોવા માટે ઘણા લોકો આ પ્રકારનો અભિગમ અપનાવતા હોય છે.
જો દ્રષ્ટિ સારી હોય તો આ પૃથ્વી સ્વર્ગ છે.
રતીલાલ વાયડા ( રોડાપાલી. નવી મુંબઈ.)

# માણસ ઘર,સંબંધ,દોસ્ત બદલે,છતાં પણ પરેશાન રહે છે.કારણ કે,તે પોતાના સ્વભાવને નથી બદલતો

આજે આપણે ચિંતનાત્મક લેખ માં જોઈએ તો એકવાર,એક ગામમાં ગ્રામસભા બોલાવવામાં આવી હતી.ત્યાંથી થોડા દૂર, એક સંતે પોતાનું નિવાસસ્થાન બનાવ્યું હતું. જ્યારે સભામાં કોઈ સર્વસંમતિ ન થઈ, ત્યારે કોઈએ સૂચન કર્યું, "આપણે આપણી સમસ્યા મહાત્મા પાસે કેમ ન લઈ જઈએ?" પરિણામે, બધા સંત પાસે ગયા.
ગ્રામજનોને જોઈને, સંતે પૂછ્યું, "તમારી મુલાકાતનો આનંદ મને શા માટે મળે છે?"લોકોએ જવાબ આપ્યો,"મહાત્મા-જી, આખા ગામમાં ફક્ત એક જ કૂવો છે, છતાં આપણે તેનું પાણી પી શકતા નથી; તેમાંથી દુર્ગંધ આવે છે."સંતે પૂછ્યું, "શું થયું? તમે પાણી કેમ પી શકતા નથી?"
ગ્રામજનોએ સમજાવ્યું, "લડતા લડતા ત્રણ કૂતરા કૂવામાં પડી ગયા. તેઓ ક્યારેય બહાર નીકળી શક્યા નહીં અને તેની અંદર જ મૃત્યુ પામ્યા.હવે, મહાત્માજી,આપણે એવા કૂવાનું પાણી કેવી રીતે પી શકીએ જેમાં કૂતરાઓ મરી ગયા હોય?" સંતે જવાબ આપ્યો,"આમ કરોઃગંગા નું થોડું પવિત્ર પાણી તેમાં રેડો."
કૂવામાં આઠ કે દસ ડોલ પવિત્ર ગંગાજળ રેડવામાં આવ્યું. છતાં, સમસ્યા જેમની તેમ રહી. લોકો ફરી એકવાર સંત પાસે ગયા.આ વખતે, સંતે કહ્યું,"ભગવાનની દૈવી વાર્તાઓ પર પ્રવચનનું આયોજન કરો."
લોકો સંમત થયા,"ખૂબ સારું." પ્રવચન થયું,છતાં સમસ્યા યથાવત રહી. લોકો ફરી એકવાર સંત પાસે પાછા ફર્યા.હવે,સંતે સૂચના આપી,"તેમાં સુગંધિત પદાર્થો રેડો."સુગંધિત પદાર્થો ઉમેરવામાં આવ્યા,પરંતુપરિણામ એ જ રહ્યું-તે યથાવતનો કેસ હતો.લોકો ફરીથી સંત પાસે ગયા;આ વખતે,સંત રૂબરૂ આવ્યા.લોકો બોલ્યા,"મહારાજ પરિસ્થિતિ બિલકુલ એવી જ છે અમે બધું જ અજમાવી જોયું. અમે ગંગાજળ રેડ્યું,દૈવી પ્રવચન નું આયોજન કર્યું,પ્રસાદ વહેંચ્યો અને સુગંધિત ફૂલો અને અન્ય વિવિધ વસ્તુઓ પણ ઉમેરી. "હવે સંત આશ્ચર્યચકિત થઈ ગયા અને પૂછ્યું,"તમે બીજું બધું કર્યું છે,પણ શું તમે તે ત્રણ કૂતરા ઓને દૂર કર્યા જે ત્યાં મૃત પડ્યા હતા, કે નહીં?" લોકોએ જવાબ આપ્યો, "તમે અમને તેમના વિશે કોઈ સૂચના આપી ન હતી, તેથી અમે તેમને દૂર કર્યા નહીં; અમે બાકીનું બધું કર્યું.તેઓ હજુ પણ જ્યાં હતા ત્યાં જ પડેલા છે."
સંતે કહ્યું, "જ્યાં સુધી તમે તેમને દૂર નહીં કરો, ત્યાં સુધી આમાંથી કોઈપણ ઉપાયની કોઈ અસર થશે નહીં."
દુર્વાસાને કોઈપણ પ્રકારની વાસના નથી.ખાનાર નારાયણ છે અને ખવડાવનાર નારાયણ છે દુર્વાસાના આ બ્રહ્મ ઉપવાસ છે.જમાડનાર બ્રહ્મ અનેજમનાર પણ બ્રહ્મ છે.એટલે દુર્વાસા કહે છે કે,હું ઉપવાસી છું અને તે સત્ય છે. બાહ્ય નજરે દેખાય છે તેના કરતાં અતિદષ્ટિ જુદું જ દેખે છે. શ્રીકૃષ્ણને કે દુર્વાસાને તે વસ્તુમાં આસક્તિ ન હતી, વાસના ન હતી તેઓ ભોગો ભોગવ્યા છતાં નિષ્કામ હતા. ગૃહસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ નો સમન્વય શ્રી કૃષ્ણે કરી બતાવ્યો છે. શ્રીકૃષ્ણ નિષ્કામ છે.નિષ્કામ શ્રીકૃષ્ણનું ધ્યાન સતત કરે તે મનુષ્ય નિષ્કામ બને છે.ચીરહરણ લીલા માં રૂષિરૂપા ગોપીઓ છે.પાંચ-છ વર્ષની કન્યાને કુમારી કહે છે.આ કુમારિકાઓની ઈચ્છા છેકે,શ્રી કૃષ્ણ અમારા પતિ થાય.ભાષા લૌકિક છે પણ આમાં સિદ્ધાંત અલૌકિક છે.જીવ ચાહે છે કે ઈશ્વર મારા પતિ થાય.
શ્રીકૃષ્ણે સખીઓને કહ્યું હતું, યોગ્ય સમયે હું તમને મળીશ. આમાં ધ્યાન રાખવાનું કે ગોપી ઓના દેહ સાથેનું આ મિલન નથી.પંચમહાભૂતના શરીરને પરમાત્મા સ્પર્શ પણ કરતા નથી. ભાગવતમાં સ્પષ્ટ લખ્યું છે કે, પંચભૂતનું શરીર છોડયા પછી આ લીલા થઈ છે. શ્રીકૃષ્ણનો વિયોગ એ અગ્નિ છે. પતિનો વિરહ પતિવ્રતા સ્ત્રીને બાળે છે તેમ પરમાત્માનો વિરહ આ જીવને બાળે છે.ગોપીઓનું પંચ ભૂતનું શરીર શ્રીકૃષ્ણ વિરહમાં અગ્નિમાં બળી ગયું છે અને શ્રી કૃષ્ણના જેવું અપ્રાકૃત રસાત્મક શરીર તેઓને પ્રાપ્ત થયું છે.પંચ ભૌતિક શરીર સાથે પરમાત્માનું મિલન થઈ શકે નહીં.
શ્રીકૃષ્ણનાં માત્ર દર્શનથી ગોપીને હવે તૃપ્તિ નથી. દર્શનમાં દ્વૈત છે. ગોપીઓને પરમાત્મા સાથે હવે એક થવું છે. એટલે પરમાત્માનો વિરહ એમને બાળે છે.કનૈયાની લીલાનો પાર નથી.ગોવર્ધન લીલા માં શ્રીકૃષ્ણનાં દર્શન થયાંત્યારથી ગોપીઓમાં પ્રેમનું બીજારોપણ થયું હતું અને પછી કનૈયાની વાંસળી સાંભળે છે.પ્રેમનો પ્રારંભ દ્વૈતથી થાય છે.પ્રેયસી અને પ્રિયતમ જુદાં હોય છે,પણ અદ્વૈત આવે છે,પ્રેમ દહાડે દહાડે વધે છે,ત્યારે પ્રિયતમ સાથે એક થવાની ઈચ્છા થાય છે.એટલે કે અદ્વૈતની ઈચ્છા થાય છે.હું મટી ને તું થવું એ પ્રેમ.ગોપી વ્યાકુળ થાય એટલે કનૈયો ત્યાં ઘરમાં પ્રગટ થાય છે.જીવ અતિ આતુર થાય ત્યારે ઈશ્વર મળે છે ગોપીઓનો પ્રેમ ધીરે ધીરે વધે છે મારે શ્રીકૃષ્ણને મળવું છે.મારે શ્રી કૃષ્ણ સાથે એક થવું છે.હવે એક ક્ષણ વિરહ ખમાતો નથી.શ્રી કૃષ્ણ વિરહમાં ગોપીઓને હવે મૂર્છા આવે છે.હવે કોઈ વાસના રહી નથી.જીવ અતિશય શુદ્ધ થયો છે.ત્યારપછી રાસ લીલા થાય છે.પોતાના બાળમિત્રોને શ્રીકૃષ્ણે તો કહી રાખ્યું હતું કે, કોઈને મૂર્છા આવે તો મને બોલાવજો.આથી કોઈ ગોપીને મૂર્છા આવે તો કનૈયાને બોલાવ વામાં આવે છે.કનૈયો ગોપીના માથે હાથ ફેરવે અને કાનમાં કહે શરદ પૂર્ણિમાની રાત્રે તનેમળીશ. ધીરજ રાખ અને સતત મારું ધ્યાન કર!વૈષ્ણવ તો પ્રેમીને મળવાની આશામાં જ જીવે છે.
ગોકુળની બધી ગોપીઓ રાસમાં ગઈ નથી.જેનો અધિકાર સિદ્ધ થયો હતો,જેનો છેલ્લો જન્મ હતો તે જ ગોપીઓ રાસલીલા માં ગઈ છે.વાળ કાળા છે એટલે ઘણું છે. કાળજું કાળું ન થવા દેજો.યુવાનીમાં ભક્તિનો રંગ લાવવો જોઈએ.વૃદ્ધાવસ્થામાં ભક્તિનો રંગ લાગે એ ઠીક છે, પણ ઉત્તમ નથી.વૃદ્ધાવસ્થામાં અંદરથી ભક્તિનો રંગ ન લાગે મોતો પારકી પંચાત કરવાની ઈચ્છા થાય છે. પારકીપંચાત જેવું એકે પાપ નથી વાળ ધોળા થયા પછી ખૂબ માળા ન કરે તેનું કાળજું વધારે કાળું થાય છે. ધોળા થાય ત્યારે પણ કાળજું ધોળું ન થાય એ દુઃખ છે.ગોપી ઓની વાત એક વૃદ્ધ ગોપીને સમજાતી નથી તે બેઠી બેઠી વિચાર કરે છે કે,કાંઈક ગરબડ જેવું છે. આ છોકરીઓને મૂર્છા આવે છે અને કનૈયો કાનમાં કાંઈક મંત્ર આપે છે.માટે કપટ કરીને પણ મારે આ મંત્ર જાણવો ઘરડા માણસોને તેણે કહી રાખ્યું કે,મને મૂર્છા આવે ત્યારે કનૈયાને બોલાવજો.ડોસીએ નખરો કર્યો. ઘરનું કામ કરતાં ઢોંગ કરીને પડી વહુ શ્રીકૃષ્ણ પાસે ગઈ.કનૈયો તેને કહે છે,જેના વાળ ધોળા થયા હોય તેના ઉપર મારો મંત્ર કામ કરતો નથી.બીજાનેબોલાવો હું નહીં આવું.પણ ગોપી કહે, કનૈયા તારે આવવું જ પડશે. છેવટે કનૈયો આવ્યો.ડોસીને જોઈને કહે,આને તો ભૂત વળગ્યું છે.લાકડી લઈ આવો! કનૈયાએ લાકડી વતી એક-બે ફટકા જોરથી માર્યા ડોશીથી સહન ન થયું અને બોલી પડી મારો નહીં મને મૂર્છા આવી નથી હું તો ઢોંગ કરું છું કનૈયો કહે ભૂત એમ જ બોલે ડોસીને સારી પેઠે માર પડ્યો.
આપણા પોતાના જીવન આ જ વાર્તાને પ્રતિબિંબિત કરે છે. શરીર તરીકે ઓળખાતા આ ગામમાં સ્થિત આંતરિક ચેતના ના કૂવામાં કામ, ક્રોધ અને લોભ નામના ત્રણ કૂતરાઓ પડી ગયા છે,જ્યાં તેઓ લડતા અને ઝઘડતા પડેલા છે.જ્યારેઆપણે ઉપાયો શોધી એ છીએ, ત્યારે લોકો આપણને તીર્થયાત્રા કરવાનીગંગામાં સ્નાન કરવાની અથવા થોડી પૂજા અને શાસ્ત્રો ના પાઠમાં જોડાવાની સલાહ આપે છે.આપણે આ બધું કરી એ છીએ,છતાં તે દુર્ગંધ ની દુર્ગંધ રહે છે.તેથી, આપણે પહેલા તેમને કાઢી ને ફેંકી દેવા જોઈએ ત્યારે જ આપણું જીવન ખરેખર અર્થપૂર્ણ બનશે.
બસ આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# INDIAN COAST GUARD SHIP SHAURYA ARRIVES AT PORBANDAR




"Indian Coast Guard Ship (ICGS) Shaurya, an Offshore Patrol Class Vessel, arrived at Porbandar on 02 April 2026. This strategic positioning bolsters the Indian Coast Guard's operational prowess along the pivotal Gujarat coastline."A proud testimony to India's indigenous shipbuilding excellence, ICGS Shaurya was designed and constructed by Goa Shipyard Limited. The vessel spans approximately 105 metres in length and 13.6 metres in breadth, with a displacement of around 2,300 tonnes. The vessel attains speeds of up to 23 knots and boasts an endurance of 20 days with a formidable range of 6,000 nautical miles, purpose-built for relentless offshore patrolling."The ship carries cutting-edge navigation, communication and surveillance systems, complemented by an integrated platform management system. The CRN-91 main gun fitted onboard lends the ship a decisive edge in maritime enforcement. ICGS Shaurya is capable of embarking twin-engine Advanced Light Helicopters and deploy high-speed interceptor boats for swift response operations."Conceived as a versatile multi-mission ship, the basing of vessel at Gujarat will spearhead maritime surveillance, search and rescue missions, anti-smuggling drives, law enforcement patrols and serve as a guardian of the marine ecosystem as well. It's presence at Porbandar will sharpen the Coast Guard's vigil across the North Arabian Sea and fortify the defence of national coastal frontiers. The vast fishermen community operating off Gujarat will also benefit from it's protective reach."Basing of ICGS Shaurya reaffirms the enhanced focus of the Government to uphold safety, security and environmental stewardship across the Area of responsibility in the sensitive North West Region.

# ધાનેરામાં કોંગ્રેસનું શક્તિ પ્રદર્શન: જનસંમેલનમાં ઉમટ્યો જનસાગર, આગેવાનોના તીખા પ્રહાર




ધાનેરા ખાતે શુક્રવારે કોંગ્રેસ દ્વારા ભવ્ય જનસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધાર્યા કરતાં ઘણી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા કાર્યક્રમ સ્થળે ખુરશીઓ પણ ઓછી પડી ગઈ હતી. તાલુકા, જિલ્લા પંચાયત તેમજ નગરપાલિકાની આવનારી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે પોતાના પ્રચાર અભિયાનની શરૂઆત આ જનસંમેલન દ્વારા કરી છે.આ કાર્યક્રમમાં બનાસકાંઠા જિલ્લાના સાંસદ ગેનીબેન ઠાકોર, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપૂત, વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, મહેશ દેસાઈ સહિત જિલ્લા અને તાલુકા સ્તરના અનેક આગેવાનો હાજર રહ્યા હતા. સાથે જ ધાનેરાના પૂર્વ ધારાસભ્ય નાથાભાઈ પટેલ, ડામરાજી રાજગોર, મહેદાભાઈ પટેલ, પૂર્વ પ્રમુખો દિનેશ પટેલ, હરિસિંહ રાજપૂત, ચેતનસિંહ દેવડા તેમજ તાજેતરમાં નિયુક્ત થયેલા તાલુકા પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ અને શહેર પ્રમુખ જયેશભાઈ સોલંકી પણ ઉપસ્થિત રહ્યા હતા.જનસંમેલનમાં સંબોધન કરતા સાંસદ ગેનીબેન ઠાકોરે રાજ્ય સરકાર પર કટાક્ષ કરતા જણાવ્યું હતું કે ભાજપ પક્ષ વિવિધ રીતે કોંગ્રેસના કાર્યકરોને તોડવાનો પ્રયાસ કરી શકે છે. તેમણે આગેવાનોને ચેતવણી આપતા કહ્યું કે ઉમેદવારી આપતી વખતે સાવચેતી રાખવી જરૂરી છે અને માત્ર વિશ્વાસુ તથા પ્રતિબદ્ધ ઉમેદવારોને જ ટિકિટ આપવી જોઈએ. ફોર્મ ભરતી વખતે પણ સંપૂર્ણ સાવચેતી રાખવાની તેમણે ખાસ ટકોર કરી હતી.વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ પોતાની તીખી અને પ્રખર વાણીમાં સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે બનાસકાંઠા, વાવ અને થરાદ વિસ્તારમાં મોટા મોટા નેતાઓ આવ્યા હોવા છતાં ગરીબોની સમસ્યાઓ અંગે કોઈ ચર્ચા કરવામાં આવી નથી. એરપોર્ટ માટે જમીન બાબતે ભાજપ દ્વારા કરવામાં આવતા દાવાઓ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે કોંગ્રેસના સમયમાં ચાર ગામોના લોકોએ દેશહિત માટે પોતાની કિંમતી જમીન આપી હતી, જેનો ઈતિહાસ ભૂલવો નહીં જોઈએ.

તેમણે આગળ જણાવ્યું કે બનાસકાંઠા અને રાજસ્થાન બોર્ડર વિસ્તારમાંથી મોટા પ્રમાણમાં દારૂ અને ડ્રગ્સની હેરાફેરી થતી હોવા છતાં સરકાર તરફથી કોઈ કડક કાર્યવાહી જોવા મળતી નથી. યુવાનોના ભવિષ્ય અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે કહ્યું કે આ પરિસ્થિતિ રોકવા માટે સરકાર ગંભીર નથી.આ જનસંમેલન દરમિયાન કોંગ્રેસના આગેવાનોમાં ઉત્સાહ અને એકતા સ્પષ્ટપણે જોવા મળી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત જનસમૂહને ધ્યાનમાં રાખીને આયોજકો દ્વારા ભોજનની પણ સુવિધા કરવામાં આવી હતી, જેના કારણે કાર્યક્રમ વધુ સફળ બન્યો હતો.આ રીતે ધાનેરામાં યોજાયેલ આ જનસંમેલન કોંગ્રેસ માટે આવનારી ચૂંટણીઓ પહેલાં શક્તિ પ્રદર્શન સમાન સાબિત થયું છે અને પાર્ટીના કાર્યકરોમાં નવી ઉર્જા અને આત્મવિશ્વાસનો સંચાર કર્યો છે.



જય શ્રી રામ,પુણ્ય ભારતભૂમિ માં પાવન રૂષિકેશ!- વળી પવિત્ર ગંગા કિનારે, તેમજ ખાસ રામનવમી નાં+વિશ્વ રંગમંચ દિવસે (યોગાનુયોગ)૨૭/૩/૨૬ પ્રાર્થના પરિવાર દ્વારા આયોજિત દિવ્ય સત્સંગ શિબિર માં પ્રભુ શ્રી રામ નો રોલ પ્લે કરવાનો સોનેરી અવસર મને મળ્યો અને એ પણ શબરી ની ઉંમરે ૭૦ વર્ષે!મારું તો જાણે આયખું પાવન થઈ અજવાળાઈ ગયું. મેં ખૂબ ગદગદિત હૃદયે આ રોલ સુંદર રીતે પ્લે કર્યો હતો.તે અવસર ની અનેરી,અપાર, અવર્ણનીય પળો મેં માણી છે.આ મારી ભાવુકતા નથી પણ મારી ભીતર થી નિષ્પન્ન થતાં સ્પંદનો છે.

પ્રભુ શ્રીરામ કે ભક્ત શબરી જેવા કામ મેં કર્યા છે કે નહી તે હું નથી જાણતી પણ આજદિન સુધી કોઈ ને ઉપયોગી થઈ ને આજે પણ જીવન ના ઝંઝાવાતી ચઢાવ ઉતાર સાથે નિજાનંદ માં રહી શકું છું.તે પાક્કી+સાચી સમજ છે.

આજે પણ હું છ.સ.ઝ દ્વારા યોજીત સ્વિમિંગ હરિફાઈઓ માં વિજેતા થયેલ છુ. સિંગીગ નાં સ્ટેજ પ્રોગ્રામ કરું છું.પ્રોફેશનલ વૈદિક મંત્રોચ્ચાર મ્યુઝિશયન સાથે લગ્ન ગીતો ગાવાનું પણ શરૂ કર્યું છે.ભજન સત્સંગ , ન્યુઝ પેપર માં આર્ટિકલ્સ પણ લખું છું, પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ ના રાઈટર તરીકે પણ જાવ છું તેની સાથે સાથે યોગ તો ખરાજ.

# રાજકોટમાં યોજાનાર માનવ ઉત્કર્ષ મહોત્સવના આયોજન અંગે અપૂર્વમુનિ સ્વામી સાથે લાયન્સ ક્લબના આગેવાનોની શુભેચ્છા મુલાકાત

**BAPS** સ્વામિનારાયણ મંદિર રાજકોટ દ્વારા "માનવ ઉત્કર્ષ મહોત્સવ" તા.૧૧ એપ્રિલથી તા.૧૭ એપ્રિલ દરમિયાન દરરોજ રાત્રે ૮:૩૦ કલાકે રેસકોર્સ મેદાન ખાતે યોજાશે. આ કાર્યક્રમમા લોકોના જીવન પરિવર્તનનું માધ્યમ બનાવવાના ઉમદા હેતુ સાથે ભવ્યાતીત ભવ્ય આયોજન ના ભાગરૂપે પરમ પૂજ્ય અપૂર્વમુનિ સ્વામી (આંતરરાષ્ટ્રીય વકતા અને મોટીવેશનલ સ્પીકર સંત) સાથે લાયન્સ ક્લબના આગેવાનો સર્વશ્રી લાયન વિપુલભાઈ રાઠોડ, રાજકોટ જિલ્લા ભાજપ પ્રેસ મીડિયા અગ્રણી અને લાયન અરૂણભાઈ નિર્મળ, લાયન સમીરભાઈ ખીરા, લાયન પાર્થભાઈ પંડ્યા અને લાયન રાજેશભાઈ દેવળીયા, લાયન મુકેશભાઈ પંચાસરા સાથે સૌહાર્દસભર મુલાકાત યોજાઈ હતી. આ મુલાકાત દરમિયાન સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે આધ્યાત્મિકતા, શિક્ષણ અને સંસ્કારના મહત્વ અંગે તેમજ આજના આધુનિક યુગમાં માનવ પ્રતિદિન પ્રતિક્ષણ પ્રત્યેક ક્ષેત્રમાં ઉત્કર્ષ કરી રહ્યો છે. છતાં પણ માનસિક યુદ્ધ, પારિવારિક યુદ્ધ, શારીરિક યુદ્ધ, વૈશ્વિક યુદ્ધ મા કેમ વધારો થઈ રહ્યો છે આ બાબતે



વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સ્વામીશ્રીએ માનવ ઉત્કર્ષ મહોત્સવના હેતુઓ અને સમાજમાં નૈતિક મૂલ્યોના પ્રસાર અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહકાર આપવાનો સંકલ્પ વ્યકત કર્યો હતો અને સમાજહિત માટે સાથે મળીને કાર્ય કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

# ડભોડામાં હનુમાન જન્મોત્સવે ભકિતનો મહામેળો, ૨૫૦૦ તેલના ડબ્બાથી મહાભિષેક કરાયો

ગાંધીનગર નજીક આવેલા ડભોડા ગામમાં ગઇ કાલે હનુમાન જન્મોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો હતો. વહેલી સવારથી જ ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો અને મંદિર પરિસર ‘જય શ્રી રામ’ અને ‘બજરંગબલી કી જય’ના નાદથી ગુંજી ઉઠ્યું.ઉજવણીની શરૂઆત હનુમાનજી દાદાની ભવ્ય શોભાયાત્રાથી થઈ હતી, જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. આ પ્રસંગનું સૌથી મોટું આકર્ષણ ૨૫૦૦ જેટલા તેલના ડબ્બાથી કરવામાં આવેલો મહાઅભિષેક રહ્યો હતો. બપોરે ૧૨ વાગ્યે ૧૦૧ દીવાની મહાઆરતી કરવામાં આવી હતી, જેમાં ભક્તોએ ભાવભેર ભાગ લીધો હતોઆ સાથે ૧૫૧ કિલોની



વિશાળ કેક કાપીને જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. દિવસભર ભજન-કીર્તન અને સંગીતના કાર્યક્રમો ચાલ્યા હતા અને રાત્રે ભવ્ય ફાયર શોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તો માટે મહાપ્રસાદની વિશાળ વ્યવસ્થા કરવામાં આવી હતી. અંદાજે ૪૦ હજાર ભક્તોને બુંદીના લાડુ અને સુખડીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. આ માટે ૩૧૦૦ કિલો બુંદી અને ૧૧૧૧ કિલો સુખડી તૈયાર કરવામાં આવી હતી.ટ્રાફિકને ધ્યાનમાં રાખીને પાર્કિંગની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી અને વૃદ્ધો તથા અશક્ત લોકો માટે મફત રિક્ષા સેવા પણ રાખવામાં આવી હતી. જે ભક્તો આવી શક્યા નહોતા, તેમના માટે મહાઆરતીનું લાઈવ પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું.ઉલ્લેખનીય છે કે, ડભોડિયા હનુમાનજી મંદિર ખૂબ જ પ્રાચીન અને આસ્થા ભરેલું સ્થાન છે, જ્યાં દર વર્ષે આ રીતે ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ ઉજવણી કરતાં મોટી સંખ્યામાં ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

# સ્કૂલમાં પ્રેમ પ્રકરણમાં ફસાયેલી દીકરીને કાઉન્સેલિંગથી બચાવી : પરિવારે મોબાઈલની પાબંદી લાદતા સહેલીના ફોનથી બોયફ્રેન્ડ સાથે વાત શરૂ રાખી

આજના આધુનિક યુગમાં કિશોરવસ્થાના બાળકોમાં વધતું જતું વિજાતીય આકર્ષણ અને ટેકનોલોજીનો દુરુપયોગ વાલીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. ત્યારે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમે વધુ એક વખત મધ્યસ્થી તરીકે ભૂમિકા ભજવીને એક દીકરીને પ્રેમ પ્રકરણના માયાવી જાળમાંથી બહાર કાઢી તેને ગેરમાર્ગે જતી અટકાવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.વર્તમાન સમયમાં સોશિયલ મીડિયા અને મોબાઈલ ફોનના વધતા જતા વળગણે કિશોરાવસ્થામાં રહેલા બાળકોના માનસ પર ગંભીર અસરો છોડી છે. જેના કારણે અનેક કિસ્સાઓમાં સંતાનો અને માતાપિતા વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાતી હોય છે. આવો જ એક કિસ્સો તાજેતરમાં પ્રકાશમાં આવ્યો છે. એક લાચાર પિતાએ ૧૮૧ હેલ્પલાઈન પર સંપર્ક કરી પોતાની વ્યથા ઠાલવી હતી કે, તેમની દીકરી સ્કૂલના જ એક વિદ્યાર્થી સાથે સતત વાતચીત કરતી હતી.જેના પગલે માતાપિતાએ તેને વારંવાર સમજાવવાના પ્રયાસ કર્યા હતા, પરંતુ પરિણામ શૂન્ય આવ્યું હતું. વાલીએ દીકરી પર નજર રાખવાનું શરૂ કરી તેના હાથમાં ફોન આવતો બંધ કર્યો હતો. તેમ છતાં દીકરીએ વાતચીત ચાલુ રાખવા માટે પોતાની બહેનપણીના મોબાઈલનો ઉપયોગ કરવાનું શરૂ હતું. ભણવામાં તેજસ્વી દીકરીનું ધ્યાન અભ્યાસ પરથી હટીને બીજી દિશામાં ડાઈવર્ટ થતું જોઈને પિતાએ આખરે અભયમની મદદ માંગી હતી.આ માહિતી મળતા જ અભયમની ટીમ ત્વરિત ઘટનાસ્થળે પહોંચી હતી અને માતાપિતા સાથે વાત કરીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. બાદમાં દીકરી સાથે મૈત્રીપૂર્ણ વાતાવરણમાં કાઉન્સેલિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

# વૈશ્વિક સંકટ વચ્ચે ભારતની સરહદ સુરક્ષા પર ભાર : ભારત રક્ષા મંચ

અમદાવાદ,તા.૩ (પ્રતિનિધિ દ્વારા)
વૈશ્વિક પરિસ્થિતિમાં વધતા તણાવ અને મધ્ય પૂર્વમાં યુદ્ધજન્ય સંજોગો વચ્ચે ભારતની સરહદો પર સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરવાની જરૂરિયાત ઉભી થઈ છે. ઈઝરાયેલ-ઈરાન તણાવના કારણે કાચા તેલના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે, જેના સીધા આર્થિક પ્રભાવથી પાકિસ્તાનમાં પેટ્રોલ અને ડિઝલના ભાવમાં ભારે વધારો જોવા મળ્યો છે.પાકિસ્તાનમાં હાલમાં પેટ્રોલનો ભાવ અંદાજે રૂપિયા ૪૫૮ પ્રતિ લિટર અને ડિઝલનો ભાવ રૂપિયા ૫૨૦ પ્રતિ લિટર સુધી પહોંચી ગયો છે. આથી ત્યાંની સામાન્ય જનતાનું જીવન મુશ્કેલ બન્યું છે અને રોજિંદી જરૂરિયાતોની ચીજવસ્તુઓના ભાવમાં સતત વધારો થવાથી મોંઘવારી બેકાબૂ બની ગઈ છે. આર્થિક અસ્થિરતા અને રોજગારીના અભાવે પાકિસ્તાનમાં ભુખમરાની પરિસ્થિતિ સર્જાઈ રહી છે.આવા સંજોગોમાં ગરીબ અને બેરોજગાર લોકો જીવન જીવવા માટે અન્ય દેશોમાં ગેરકાયદેસર પ્રવેશ કરવાનો પ્રયાસ કરે છે. ભારત સાથે પાકિસ્તાનની લાંબી સરહદ હોવાને કારણે ઘુસણખોરીની શક્યતા વધી રહી છે. ઈતિહાસ દર્શાવે છે કે આવા સમયમાં સરહદ પારથી ઘુસણખોરી, તસ્કરી અને આતંકવાદી પ્રવૃત્તિઓમાં વધારો થતો રહ્યો છે.આ મુદ્દાને લઈને ભારત રક્ષા મંચના પશ્ચિમ ક્ષેત્ર સંગઠન પ્રમુખ અને ગુજરાત પ્રાંત અધ્યક્ષ ડો. ઈલેવાન ઠાકરે ભારત સરકારને મહત્વપૂર્ણ અનુરોધ કર્યો છે. તેમણે જણાવ્યું કે, "હાલની વૈશ્વિક પરિસ્થિતિ અને પાકિસ્તાનની આંતરિક અસ્થિરતાને ધ્યાનમાં રાખીને ભારતની સરહદો પર સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવવાની તાત્કાલિક જરૂર છે."ડૉ. ઠાકરે ખાસ ભારપૂર્વક જણાવ્યું છે કે સરહદી વિસ્તારોમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને અન્ય સુરક્ષા એજન્સીઓની તૈનાતી વધારવી જોઈએ. તેમણે આ ઉપરાંત આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને સરહદોની સતત મોનિટરિંગ કરવાની સલાહ આપી છે. "ગેરકાયદેસર પ્રવેશ, તસ્કરી અને શંકાસ્પદ ગતિવિધિઓ પર તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ," તેમ તેમણે જણાવ્યું. તેમણે સરહદી ગામોમાં વસતા નાગરિકોને પણ જાગૃત કરવાની જરૂરિયાત વ્યક્ત કરી છે કે જેથી કોઈ શંકાસ્પદ હલચલ જણાય તો તાત્કાલિક માહિતી આપવામાં આવે. ડૉ. ઠાકરે ઉમેર્યું કે દેશના આંતરિક વિસ્તારોમાં પણ સુરક્ષા એજન્સીઓએ સઘન તપાસ અભિયાન હાથ ધરવું જોઈએ અને રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ, હોટલ, ભાડાના મકાનો તથા સંવેદનશીલ વિસ્તારોમાં ચેકિંગ વધારવું જરૂરી છેસામાજિક જાગૃતિ અભિયાન ચલાવવું ખૂબ જ જરૂરી છે. સામાન્ય નાગરિકો અજાણ્યા લોકો પ્રત્યે સતર્ક રહે અને કોઈ પણ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરે," તેમ તેમણે જણાવ્યું.ભારત રક્ષા મંચ દ્વારા સમગ્ર દેશવાસીઓને પણ આહ્વાન કરવામાં આવ્યું છે કે દેશની સુરક્ષા માટે દરેક નાગરિકની જવાબદારી મહત્વપૂર્ણ છે અને સરકાર તથા સુરક્ષા એજન્સીઓને સહકાર આપવો જોઈએ. ડૉ. ઈલેવાન ઠાકરે અંતે ભારત સરકારને વિનંતી કરી છે કે આ મુદ્દાને ગંભીરતાથી લઈને તાત્કાલિક અને અસરકારક પગલાં લેવામાં આવે જેથી દેશની સુરક્ષા અખંડિત રહી શકે.

# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કેન્દ્રીય નેતૃત્વના માર્ગદર્શન અને મદદ બદલ હંમેશા આભારી: દિલીપ સંઘાણી

ઈફકો ના ચેરમેન દિલીપ સંઘાણીએ જણાવ્યું હતું કે, ×નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ભારતીય સહકારી આંદોલનના ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ છે. ૧૯૬૭ માં માત્ર ૫૭ સહકારી મંડળીઓથી શરૂ થયેલી, ઈફકો ની સફર ૩૬,૦૦૦ થી વધુ મંડળીઓ અને લાખો ખેડૂતોના વિશ્વાસ સુધી વિસ્તરી છે. વૈશ્વિક સ્તરે બીજા ક્રમની સૌથી મોટી સહકારી તરીકે પોતાને સ્થાપિત કરવી એ માત્ર એક સિદ્ધિ નથી, પરંતુ ભારતીય સહકારી શક્તિનો જીવંત પુરાવો છે. આ સુવર્ણ વર્ષમાં, ઈફકો એ રુ. ૪,૧૦૬ કરોડથી વધુનો સર્વકાલીન રેકોર્ડ નફો હાંસલ કર્યો. આ સિદ્ધિ ફક્ત સંખ્યાઓની વાર્તા નથી, પરંતુ ખેડૂતોની મહેનત, કર્મચારીઓના સમર્પણ અને સહકારના મૂલ્યોનો વિજયગાથા છે.

ઈફકો એ ઉત્પાદન અને



વેચાણમાં પણ નવા રેકોર્ડ બનાવ્યા. દેશભરમાં ૧૧૮.૭૫ લાખ મેટ્રિક ટન ખાતરનું રેકોર્ડ વેચાણ અને ૧૧૯.૬૮ લાખ મેટ્રિક ટનનો પુરવઠો ખેડૂતોની જરૂરિયાતોને સંસ્થાની ટોચની પ્રાથમિકતાનો પુરાવો છે. યુરિયા અને ઙછઁ ના વધતા વેચાણથી કૃષિ ક્ષેત્રમાં ઈફકોની મુખ્ય ભૂમિકા વધુ મજબૂત બની છે.

નેનો ખાતરોની લોકપ્રિયતા ઝડપથી વધી રહ્યું છે, ૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષમાં ૩૦૧ લાખ બોટલથી વધુ વેચાણ થયું છે. નેનો યુરિયા પ્લસ, નેનો ડીએપી, નેનો ઝિંક અને નેનો કોપર, ધરમૃત જેવા ઉત્પાદનો ખેડૂતો માટે વધુ અસરકારક, પર્યાવરણને અનુકૂળ અને ખર્ચ-અસરકારક વિકલ્પો તરીકે ઉભરી આવ્યા છે. નેનો એનપીકે લિક્વિડ (૮-૮-૧૦) અને નેનો એનપીકે ગ્રેન્યુલર (૨૦-૧૦-૧૦) ને ખાતર નિયંત્રણ આદેશ હેઠળ સૂચિત કરવામાં આવ્યા છે, જે વિશ્વમાં તેમના પ્રકારનો પ્રથમ ક્રમ છે. આ ઉત્પાદનોનો ઉપયોગ પાંદડાવાળા ઉપયોગ અને માટીના ઉપયોગ બંને તરીકે થઈ શકે છે, પોષક તત્વોની કાર્યક્ષમતામાં વધારો કરે છે અને પર્યાવરણ પર સકારાત્મક અસર કરે છે.

નેનો ટેકનોલોજીનો વિસ્તાર કરવા માટે, ઈફકો એ બેંગલુરુના દેવનહલ્લીમાં ચોથા નેનો ખાતર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું છે, જેનાથી ઈફકો ની કુલ ઉત્પાદન ક્ષમતા દરરોજ આશરે ૯.૫ લાખ બોટલ થઈ છે. કોઈમ્બતુરમાં નેનો ઈનોવેશન સેન્ટર સંશોધન અને ટેકનોલોજી વિકાસ માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની રહ્યું છે, જ્યાં કૃષિના ભવિષ્યને ધ્યાનમાં રાખીને નવી ટેકનોલોજીઓ પર કામ કરવામાં આવી રહ્યું છે.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat